REGISTER NO. B. 156

श्री

# જૈનધર્મ પ્રકાશ.

## The Jaina Dharma Prakasha.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं ।
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ॥
तृष्णास्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा ।
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथाः ॥


પુસ્તક ૨૧ મું. માહ સંવત ૧૯૬૨ અંક ૧૧ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા.

ભાવનગર


વિષયાનુક્રમ.


| | | |
|---|---|---|
| ૧ | સામાયિક. | ૨૪૧ |
| ૨ | સર્વમાન્ય કલ્યાણમાર્ગ. | ૨૪૮ |
| ૩ | ચરચાપત્ર. | ૨૫૩ |
| ૪ | દયાળુ જૈનબંધુઓ પ્રત્યે વિજ્ઞપ્તિ. | ૨૫૫ |
| ૫ | કચ્છ વર્તમાન. | ૨૫૬ |
| ૬ | ચરચાપત્ર. | ૨૫૯ |
| ૭ | વર્ત્તમાન સમાચાર. | ૨૬૩ |
| ૮ | પુસ્તકોની પહોચ. | ૨૬૪ |



વાર્ષિક મૂલ્ય રૂ૧) પોસ્ટેજ ચાર આના.

## ચોપાનયું રખડતું મૂકીને આશાતના કરવી નહીં.

### ગ્રાહકોને બે વર્ષની ભેટ.

### પ્રતિક્રમણ હેતુ.

દેવસી, રાઇ વિગેરે પાંચે પ્રતિક્રમણમાં જે જે સૂત્રો જે અનુક્રમે કહેવામાં આવે છે તેના હેતુ અને ભાવાર્થ વિગેરે બતાવી આપનાર "કિંચિત્ પ્રતિક્રમણ ક્રમવિધિ" નામના ગ્રંથનું યથાર્થ ભાષાંતર કરી મુંબઇ ગુજરાતી પ્રેસમાં ગુજરાતી સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે. પાકા કપડાના સુંદર બાઇડીંગથી બંધાય છે. બંધાઇ આવેથી લવાજમ મોકલેલ ગ્રાહકોને તરત મોકલવામા આવશે અને ન મોકલેલ ગ્રાહકોને વેલ્યુપેબલથી મોકલવામાં આવશે. લવાજમ તો વહેલું મોડું આપવુંજ પડવાનું છે તેથી 'ઘરે બેઠાં આવેલી ગંગાને કોણ મૂર્ખ પાછી વાળે' એ દૃષ્ટાંતે આવી અપૂર્વ ભેટનો લાભ ખોશે નહીં એવો ભરૂંસો રાખી પોસ્ટ ખર્ચ કરવામા આવશે. માટે સભાને ખોટી નુકશાનીમાં ન ઉતારતાં આવેલ વેલ્યુપેબલ પૈસા આપીને લઇ લેવાની દરેક ગ્રાહકોએ ચીવટ રાખવી. અગાઉથી ખાસ સૂચના જરૂરીઆત સમજીનેજ આપવામા આવી છે.

---

છપાઇને બહાર પડેલ છે.

### શ્રી શત્રુંજય મહાત્મ્ય.

મહાત્મા શ્રી ધનેશ્વરસૂરિ કૃત સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથનું ખાસ દેખરેખથી થયેલું ગુજરાતી ભાષાંતર.

આ પુસ્તકની અમારી તરફથી બીજી આવૃત્તિ હાલમાં બહાર પાડવામા આવેલ છે. આવું શુદ્ધ અને સરસ ભાષાંતર જો કોઇ પણ બીજા ગ્રંથનું થયું હોય તો ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રનુંજ થયેલું છે. જે બંનેને માટે અમે પૂરતી ખાત્રી આપી શકીએ છીએ. નિર્ણયસાગરની પ્રશંસનિય છાપ, સરસ બાઇડીંગ, ઉંચા કાગળ. કિંમત રૂ.૨-૮-૦ સભાસદ માટે રૂ. ૧-૧૪-૦

---

### શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર.

પર્વ ૧ લું અને બીજું.

કિંમત રૂ. ૨-૪-૦ પ્રકાશના ગ્રાહકોને માટે રૂ. ૧-૧૨-૦

સભાસદને માટે રૂ. ૧-૧૧-૦

સુંદર ટાઇપ, ઉંચા કાગળ, ઉત્તમ બાઇડીંગ, શુદ્ધ ભાષાંતર.

# श्री जैनधर्म प्रकाश.

દોહરો.

મનુજન્મ પામી કરી, કરવા જ્ઞાનવિકાશ;
નેહયુક્ત ચિત્તે કરી, વાંચો જૈનપ્રકાશ.

પુસ્તક ૨૧ મું. સં. ૧૯૬૨ માઘ. અંક ૧૧ મો.


## सामायिक.

(અનુસંધાન પૃષ્ટ ૨૧૬ થી)

દુનિયામાં આ બન્ને પ્રકારના પ્રાણીઓ જોવામાં આવે છે. અમુક વાંચનારે આ બન્નેમાંથી કયા પ્રકારના જીવનનું અનુકરણ કરવું, પોતાનું વર્તન કયા જીવનને અનુસરતું કરવું એ પોતાના ક્ષયોપશમ અને સંજોગ ઉપર આધાર રાખે છે; પણ એટલું તો ચોકસ છે કે જે પ્રાણી સંસારમાં પડવાથી લાલચને લાત મારી શકે તેવી સ્થિતિમાં ન હોય અને સંસારમાં પડીને વિષય કષાયને તાબે થઇ પોતાની કિંમત ઘટાડે તેવા નબળા મનનો હોય (અને ઘણા માણસો આવા જ પ્રકારના હોય છે એમ અવલોકન અને અનુભવથી જણાય છે) તેણે તો લાલચના પ્રસંગોમાં આવવા ઇચ્છા રાખવી જ નહીં. હવે જેઓ સંસારમાં પડેલા હોય તેમણે પ્રશસ્ત જીવન જીવી, શુદ્ધ વ્યવહાર કરી પોતાનું જીવન ગાળવું અને લોભ કે લાભના પ્રસંગ આવતાં તાત્કાળિક લાભ તરફ ન જોતાં આત્મિક દશા તરફ ધ્યાન આપવું અને શુદ્ધ રીતે વ્યવહારકાર્યો કરતાં બનતી જોગવાઇએ નકામી પ્રવૃત્તિ છોડી દઇ પ્રશસ્ત પ્રવૃત્તિમાં જોડાવાની ઇચ્છા રાખ્યા કરવી. એક હકીકત બહુ ધ્યા-

નમાં રાખવા જેવી છે અને તે એ છે કે અત્ર વિશુદ્ધ જીવન જીવવાની ઇચ્છા હોય તો પોતાના સર્વ સંજોગો બળવાન કરી દેવા, કારણ કે આપણે ઉપર જોયું તેમ આ જીવ નિમિત્તવાસી છે. આ જીવ સોબત, સમાગમ, પરિચયથી બહુ ફેરવાઇ જાય છે. એક પ્રાકૃત માણસ પણ અનુકુળ સંજોગોથી તદ્દન શુદ્ધ થઇ જાય છે. મનઃશુદ્ધિ બરાબર થતાં આ જીવના વિચાર અને કૃત્યોમાં બહુ ફેરફાર થઇ જાય છે, એ ફેરફાર અસાધારણ હોવા ઉપરાંત મજબુત પાયાપર બંધાયેલો અને ચિરસ્થાયી હોય છે, જ્યારે મનશુદ્ધિ વગરના ફેરફારો તદ્દન અસ્થિર હોય છે. કેટલાક થોડો વખત બાહ્ય ધર્મ-ક્રિયા કરી સંસારત્યાગની દશા સુધી પહોંચ્યા છતાં પાછા અધઃપાત પામેછે ત્યારે અભક્ષ્ય ભક્ષણથી પણ હદ રહેતી નથી તેનું કારણ સ્પષ્ટ રીતે આજ છે. વિચારણા વગરનું-મનશુદ્ધિ વગરનું-જ્ઞાન વગરનું આગળ વધવું એ ગણતરી વગરનું છે, એનો બહિષ્કાર તદ્દન સમીપ્યમાં દૃશ્યમાન થાય છે અને એવા બહિઃ ફેરફારને હિસાબમાં ગણવા એ મનોવૃત્તિના અભ્યાસનું કારણ છે. કહેવાની મતલબ એજ છે કે **આત્મિક ઉન્નતિ કરવાની ઇચ્છાવાળાએ પોતાના સંજોગો બળવાન કરી દેવા** એ સમતા રાખવાનો અને જાળવવાનો મુખ્ય ઉપાય છે.

સમતાવંત પ્રાણીને ક્રોધ હોતો નથી, એનું વર્તનજ એવા પ્રકારનું હોય છે કે એની નજીક જતા માણસને શાંતિ થઈ જાય. જેમ **પાતાંજળ** પોતાના **યોગદર્શન**માં કહે છે કે **तत्र खलु अहिंसा प्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः** એટલે જે પુરૂષમાં અહિંસા પ્રતિષ્ઠા પામી હોય એટલે ખરેખર અહિંસામય જેનાં મન વચન અને કાયા થઇ ગયાં હોય તેની અહિંસાની વૃત્તિઓ એટલી તો મજબુત થઇ જાય છે કે તેની ફરતી અહિંસાની હવા ( atmosphere ) ઉત્પન્ન થાય છે, અને તેના સંબંધમાં આવનાર સર્વ પ્રાણીઓ ઉપર તેની છાંયા પડે છે. તેની નજીકમાં સિંહ અને બકરા જેવા કુદરતી વૈરવાળા પ્રાણીઓ પણ પોતાનું જાતિવૈર ભૂલી જાય છે અને પ્રેમથી વર્તે છે. તેવી રીતે સમતાવંત પ્રાણી આગળ ક્ષમા-શાંતિ એજ હોય છે. એ પોતે ક્રોધ કરતો નથી એટલુંજ નહિ પણ કોઇપણ તેની સમક્ષ ક્રોધ કરતું નથી. જેઓ શાંત ગુણવાન મુનિમહારાજ સમક્ષ ગયા હશે તેઓએ આ સ્થિતિનો અનુભવ કર્યો હશે. સમતાવંત પ્રાણીમાં અહંકાર, કપટ કે પૈસાને અંગે લોભ હોતો નથી. ખેદની વાત એ-

રહી છે કે કેટલાક મુગ્ધ જીવો ધાર્મિક કાર્યોને અંગે કપટ કે લોભ કરવામ પાપ સમજતા નથી. જે સ્થાનકે એકાંત સરળતા જોઇએ ત્યાં આવો વિચાર પણ કેમ કરી શકાય ? ધાર્મિક ખાતાઓની પેદાશ વધારવા તેનો ગમે તે પ્રકારે વધારો કરવો એ સૂત્ર વ્યવહાર તેમજ ધર્મના દરેક નિયમને ઉલ્લંઘન કરાવનારૂં, દુનિયાની દૃષ્ટિમાં ધર્મને ખરાબ આકારમાં બતાવનારૂં અને જૈનશાસ્ત્રના ફરમાન પ્રમાણે એકાંત વર્જ્ય છે; પરંતુ વાસ્તવીક હકીકત એમ છે કે આ કાળમાં પોતાની સ્થિતિ ખરાબ થવાનાં કેટલાંક કારણો આ જીવે પોતાને હાથે પ્રકટ કર્યાં છે એમ જણાય છે. દેરાસર કે ઉપાશ્રય એતો તદ્દન શાંતિનું સ્થાનક હોવું જોઇએ ત્યાં પણ ધમાધમ દેખાય છે. તમે પર્યુષણમાં વ્યાખ્યાનમાં જાઓ તો ત્યાં પણ શાંતિ નહિ, અને દેરાસરમાં જાઓ તો દરેક પૂજા કરનાર શેઠાઇનો તોર રાખે છે. હવે નિયમ એવો છે કે દરેકની ધારણા અને ઇચ્છા પ્રમાણે સર્વ કાર્યો થતાં નથી, થઇ શકતાંજ નથી, તેથી પૂજાના તદ્દન શાંતિના વખતને, ગુરૂમહારાજના વ્યાખ્યાન શ્રવણને અને પૌષધ વિગેરે તદ્દન શાંતિના વખતને બગાડી નાંખવામાં આવ્યો છે. આ વખતને અંગે થતું મનુષ્યજન્ય પરિણામ છે. એમાં **'ચિત્ત પ્રસન્નેરે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ, કપટ રહિત થઇ૦'** ઇત્યાદિ મહા વાક્યોમાં વર્ણવેલી શાંતિનો દેખાવ પણ નથી. જે પ્રાણી શુદ્ધ ખપી હોય તેણે આવા પ્રસંગોપર વિચાર રાખવો, અને ધમાધમમાં કેવી રીતે કામ લેવું, ક્યારે પાછા હઠી જવું એ બરાબર વિચાર કરવો; પોતાની આત્મવૃત્તિ પ્રતિકુળ થવા માંડે ત્યારે મૌન ધારણ કરવું. સમતાવંત પ્રાણીની સ્થિતિ તે પ્રસંગે વિચારવી.

ગમે તેમ થાય પણ જ્યાં એકાંત સમતા જોઇએ એવાં સ્થાનકમાં તેથી વિપરીત કાર્ય થાય તો તેમાં બીલકુલ ભાગ લેવો નહીં. આવી રીતે વિચાર કરવાની જરૂર બહુજ છે અને તે વિષયને સામાયિકના વિષય સાથે બહુજ સંબંધ છે તે આગળ ઉપર જણાશે. સમતાવંત પ્રાણીને કષાય અલ્પ હોય, ન હોય, ત્યાગવૃત્તિ હોય તેમજ રાગ, દ્વેષ, રતિ, અરતિ વિગેરે પણ અલ્પ હોય છે. ટુંકામાં સમતાવંત પ્રાણીને મનોવિકારો હોતા નથી. તેટલા માટે **શમાષ્ટકમાં શ્રીમદ્યશોવિજયજી** કહે છે કે " ધ્યાનરૂપ વરસાદ થવાથી જ્યારે દયાનદીમાં સમતારૂપ જળનું પૂર આવે છે ત્યારે તે નદીને કાંઠે ઉગેલાં વિકારરૂપ વૃક્ષો હોય છે તેને તે મૂળથી ઉખેડી નાખે

છે, અને તેઓ પૂરમ તણાઇ જાય છે. ” આ સમતાજળનું પૂર કેવી રીતે આણવું અને વિકારોને કેવી રીતે ત્યાગ કરવા એ બતાવવાનો અત્ર ઉદ્દેશ છે. ત્યારે સમતાવંત પ્રાણીના ચિત્રમાં આપણે બીજું એટલું જોવું કે તેનામાં મનોવિકારો હોતા નથી અથવા બહુ અલ્પ હોય છે.

સમતાવંત પ્રાણીને સર્વ મનુષ્યો ઉપર ભ્રાતૃભાવ હોય છે, પ્રેમ હોય છે તેમજ સર્વ જીવો ઉપર સમદૃષ્ટિ હોય છે. એને પોતાનો આત્મા, સર્વ જીવોનો આત્મા અને પરમાત્માનો આત્મા એક સરખો લાગે છે અને તેથી તેનો ભ્રાતૃભાવ મજબૂત પાયાપર રચાયેલો હોય છે. વળી તે કોઇ ગુણવંત પ્રાણીને જુએ છે ત્યારે તેને આનંદ આનંદ થઇ જાય છે, હર્ષનાં આંસુ આવે છે અને તેના ઉપર ખાસ પ્રેમ આવે છે; પરંતુ દીન દુઃખી વિગેરેને તે જુએ છે ત્યારે તેના ઉપર મનમાં દયા આવે છે, કર્મ સ્થિતિપર વિચાર આવે છે અને તેવીજ રીતે જ્યારે ગુણ વગરના દોષથી ભરેલા દુષ્ટ પ્રાણીઓને જુએ છે ત્યારે તેના તરફ બેદરકારી બતાવી પોતે તેના તરફ ધ્યાન આપતા નથી. એવી રીતે સમતાવંત પ્રાણીમાં પોતે અથવા સામો માણસ ઉશ્કેરાઇ જાય એવા કોઇ પણ દુર્ગુણ હોતા નથી. એની સાથે વાત કરવામાં અપૂર્વ આનંદ થાય છે, એને જોતાંજ મનમાં શાંતિ થઇ જાય છે, એની નજીક જતાંજ મનનો સર્વ ખેદ નાશ પામી જાય છે, એનું નામ સાંભળતાં પણ મનમાં અપૂર્વ શાંતિ થાય છે અને એના ગુણોનું સ્તવન કરતાં આ જીવને અપૂર્વ પ્રમોદ અને આત્મ શિતળતા થાય છે. એવી રીતે સમતાવંત પ્રાણીનો પ્રસંગ, સ્મરણ અને ચિંતવન અનુભવ સિદ્ધ આનંદ ઉત્પન્ન કરનાર થાય છે. એનું કારણ આપણે ઉપર જોઇ ગયા તે **પાતંજળ યોગ દર્શન**માં બતાવ્યું છે તેજ છે. સમતાવંત પ્રાણીમાં સમતા જ્યારે પ્રતિષ્ઠા પામે ત્યારે સર્વ નજીકના જીવોમાં, હવામાં, આકાશમાં પણ સમતા આવી જાય છે. કોઇ અપૂર્વ શાંતિવાળા સાધુના પ્રસંગમાં અથવા વિશિષ્ટ જીવન જીવનાર શ્રાવકરત્નના સંબંધમાં આવનારે આ સ્થિતિ અનુભવી હશે.

ઉપરાંત સમતાવંત પ્રાણીનો વ્યવહાર બહુ ઉંચા પ્રકારનો હોય છે. જો તે શ્રાવક હોય તો ઉપર કહ્યું તેમ ફરજને અંગે સંસારનાં સર્વ કાર્યો કરનારો, પણ ચિત્તમાં ઉદાસીન ભાવવાળો, તદ્દન સત્ય ચારિત્રવાળો, સંસાર બંધનથી છુટવાનો લાગ શોધનારો અને નીતિનો નમુનો હોય છે,

ભવભીરૂ હોય છે, અને આવકના પ્રમાણમાં ખરચ રાખનારો હોઈ વ્યવહારના દરેક કાર્યમાં પોતાની સ્થિતિ પ્રમાણે ભાગ લેનારો હોય છે. સમતાવંત હોય તે સંસારમાં નજ રહી શકે એવું કાંઇ છેજ નહિ, બાહ્યક્રિયા કે આચાર ગમે તેવા હોય તે પરથી અમુક પ્રાણી સમતાવંત છે કે નહિ એમ કહી શકાય નહીં. તેને ઓળખવા માટે વધારે ઉંડા ઉતરવાની જરૂર પડે છે. પરંતુ શ્રાવક અવસ્થામાં તે હોય ત્યાં સુધી એનો વ્યવહાર બહુ ઉંચા પ્રકારનો હોય છે. એ અસત્ય તો સ્વપ્નમાં પણ બોલે નહીં અને એને પૈદ્ગલિક અને આત્મિક દશાનો એટલો તો સ્પષ્ટ રીતે ભેદ પડી ગયેલો હોય છે કે જ્યાં પૈદ્ગલિક ભાવને પુષ્ટિ આપવાની વાત આવે ત્યાં કદાચ સંજોગને વશ થઇ કાંઇ કામ કરવું પડે તો તે કરે છે, પણ તેની વૃત્તિ તેમાં તાદાત્મ્યરૂપ પામતી નથી. તે તેનાથી છેટો ને છેટો રહે છે. અત્યારે જેમ આપણે ધર્મકાર્ય કરીએ છીએ ત્યારે તેનો અંશ પણ આપણી જાતને અડવા દેતા નથી, દેરામાંથી નીકળ્યા ત્યારે જાણે એક બંધનથી છુટ્યા અથવા તો શ્રાવક નામ ધરાવ્યાની માથે પડેલી ફરજ બજાવી એમ સમજીએ છીએ, તેથી ઉલટીજ રીતે સમતાવંત જીવ સંસારનાં સર્વ કાર્યો મનથી છેટો છેટો રહીને કરે છે. કરે છે ખરો પણ મનમાં એને પાસ લાગતો નથી. આવા જીવનનું સાર્થકપણું છે અને એ વગરના તો માત્ર ફેરા છે.

સમતાવંત પ્રાણી જો સાધુ હોય છે તો મન વચન કાયાથી પરિગ્રહનો ત્યાગ કરનાર, મમત્વ વગરનો અને દર્શન માત્રથીજ મહાત્મા વીરપ્રભુ વિગેરે શાંતમૂર્ત્તિ જીવોનું સ્મરણ કરાવે તેવો ભદ્રક અને શાંતમૂર્ત્તિ હોય છે. ગચ્છના કલહ કે વિતંડાવાદથી દૂર હોય છે, જ્ઞાનવંત હોય છે અને દુનિયામાં સારામાં સારા ગુણો જે કહેવાય છે તે તેનામાં આવીને વસેલા હોય છે. સાધુ અવસ્થાને અને સમતાને બહુ નજીકનો સંબંધ છે. અત્ર જે સમતાનું વર્ણન થાય છે તેનો મુખ્ય લાભ સાધુ અવસ્થામાંજ પ્રાપ્તવ્ય છે એમ કહેવાનો ઉદ્દેશ છે, જ્યારે સાધુ નિરંતર સામાયિકની સ્થિતિમાંજ રહે છે એમ શાસ્ત્રકારનું ફરમાન છે ત્યારે જેઓ મુમુક્ષુ અને ખપી હોય છે તેઓને સમતા રાખવી એ એક ગુણ પ્રાપ્તિ છે એટલુંજ નહીં પણ તેઓની અમુક અંશે ફરજ છે. સાધુપણામાં પ્રાપ્ત થતી સમતા બહુ ઉત્તમ હોય છે, કારણ કે તેમાં દોષ થવાના પ્રસંગો આવતા નથી અથવા બહુ અલ્પ આવે છે.

સમતાવંતમાં ઉપર જણાવેલા લક્ષણો પ્રાયઃ હોય છે. એમાં તરતમતા

ઘણી હોય છે, કારણ કે એની સ્થિતિ ચોથાથી તેરમા ગુણસ્થાન સુધીની છે. તદ્દન સામાન્ય પ્રકારના ગુણોથી શરૂ કરીને અસાધારણ ગુણોનો એ નાના શબ્દમાં સમાવેશ થઇ જાય છે, પરંતુ સમતાવંત પ્રાણી સર્વ સંજોગોમાં યોગ્ય રીતે તપાસ કરવાથી ઓળખી શકાય છે. એ કાંઇ આબરૂ ખાતર વર્તન કરતા નથી, છતાં જેમ કસ્તુરીનો સુવાસ બહાર નીકળી આવે છે તેમજ **શમ** બહાર પડી જાય છે. સમતાવંતને બહિઃસ્તુતિની અપેક્ષા હોતી નથી, છતાં તેની સ્તુતિ થાય છે. હવે સમતાવંતની આવી વૃત્તિ હોય છે એ જોયા પછી સમતાનું વિશેષ સ્વરૂપ વિચારીએ. એનું સ્વરૂપ જોઇને એ મોક્ષસુખની વાનકી છે અને તેથી સામાયિક એ મોક્ષનું અંગ છે એમ બતાવવાનો અત્ર ઉદ્દેશ છે.

**સમતા** એટલે સ્થિતિસ્થાપકતા, સરખાપણું, એકીભાવ (equilibrium of mind) એ જેને હોય છે તેને સુખ દુઃખમાં, ટાઢ તડકામાં, સંસાર મોક્ષમાં સરખો ભાવ રહે છે. એ હકીકત કહેવી કે લખવી બહુ સહેલી છે, પરંતુ એનું વ્યવહારમાં વર્તન કરવું બહુજ મુશ્કેલ છે. સખત તાવ આવ્યો હોય, માથું દુખતું હોય, કળતર થતું હોય અને શરીરમાંથી અગ્નિ ઝરતી હોય તે વખત પરમાત્મતત્વચિંતવનનો પ્રવાહ ચાલે એ સ્થિતિ **સમતાની છે.** એ જેને હોય છે તેને શત્રુમિત્ર સરખા હોય છે, તેને પોતાની નિંદા કે સ્તુતિ સાંભળી શોક કે હર્ષ થતો નથી એ **સમતા**ની સ્થિતિ છે. પોતાના ગુણસ્તવન સાંભળી આનંદ ન પામે એવા માણસો વિરલ હોય છે, પણ તેનેજ શાસ્ત્રકાર સામાયિકવાન્ કહે છે. વ્યવહારીક કાર્યોથી ફારેગ થઈ ધર્મધ્યાન કરવું, સંસારથી ઉદ્વિગ્ન ચિત્તવાળા થઇ આત્મારામમાં રમણ કરવું, વૈરાગ્ય વાસિત થઇ વિરક્ત ભાવ ભજવો એ **સમતા**ની સ્થિતિ છે. આત્મિક અને પૌદ્ગળિક વસ્તુનો ભેદ સમજવો અને સમજીને પોતાને પોતાનું ગણવું અને પરને પારકું ગણવું એ **સમતા**ની સ્થિતિ છે. **સમતા** જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે પણ પોતાને યોગ્ય બાહ્યક્રિયાનો નાશ થતો નથી. જેમ સ્વયં પ્રકાશ જ્યોતિરૂપ દીપક પણ તૈલ પૂર્ત્તિ વિગરેની અપેક્ષા રાખે છે તેમ સમતાવંત કેવળી પણ પોતાને અનુકુળ ક્રિયાની અપેક્ષા રાખે છે. સમતાવંત પ્રાણી તેથી સમતા ઉપર મસ્ત થઇ ક્રિયાનો નિષેધ કરતો નથી, પણ અંતઃકરણથી આદર કરે છે. પોતાની હદ જોઇ બાહ્યક્રિયાનો આદર કરે છે, એને લોકરંજનની અપેક્ષા અલ્પ હોય છે તેથી અંતરક્રિયા ઉપર

સાધ્ય હોય છે અને તેથી ઉક્ત પ્રકારના જ્ઞાન અને ક્રિયામાં મગ્ન થઇ સંસારબંધન શિથિળ કરતો જાય છે.

સમતાનું વર્ણન કરવામાં શાસ્ત્રકારે કાંઇ બાકી રાખ્યું નથી. જેટલું સારામાં સારૂં હોય છે તે એને માટે બતાવવામાં આવ્યું છે અને એના પુરાવામાં ઉપાધ્યાયજીનો નીચેનો શ્લોક ટાંકવાથી સર્વ આભાસ પડી જશે. ઉપાધ્યાયજી શમાષ્ટકમાં કહે છે કે—

ज्ञान ध्यान तपःशील सम्यक्त्वसहितोप्यहो ।
तन्नाप्नोति गुणं साधुर्यं माप्नोति शमान्वितः

તેઓ કહે છે કે "એક પ્રાણી બહુ વિદ્વાન હોય, ધ્યાન કરતો હોય અને મહા તપસ્વી હોય તેમજ જૈનધર્મપર શુદ્ધ શ્રદ્ધાવાન્ હોય છતાં પણ સમતાવંત પ્રાણીને જેટલે શુદ્ધ સ્વભાવનો લાભ મળે છે તેટલો ઉક્ત સ્વરૂપવાળા જીવને મળતો નથી" અને ત્યારપછી તો તેઓ આગળ વધીને એટલે સુધી કહે છે કે "જે મુનિનો સમતારસ સ્વયંભૂરમણ સમુદ્ર સાથે સ્પર્ધા કરે છે તે શાંત મુનિ મહાત્માની સાથે સરખાવી શકાય એવો કોઇ પણ પદાર્થ—ચર કે અચર-સ્થાવર કે જંગમ આ દુનિયામાં નથી, મતલબ કે એ મહાત્માની આત્મવિભૂતિ અલૌકીક હોય છે." શ્રીમદ્યશોવિજયજી ત્યારપછી શમયુક્ત મહાત્માની સંપત્તિના વખાણ કરે છે અને તેમની સંપત્તિમાં મહા ગર્જના કરતા જ્ઞાનરૂપ હસ્તિઓ અને ધ્યાનરૂપ અશ્વોનો સમાવેશ કરે છે.

અને તેવીજ રીતે સમતાવંતનું સ્વરૂપ બતાવતાં અનુભવી યોગી ચિદાનંદજી (કપૂરચંદજી) કહે છે કે;—

જે અરિ મિત્ત બરાબર જાનત, પારસ ઓર પાષાણ જ્યું દોઇ;
કંચન કિચ્ચ સમાન અહે જસ, નીચ નરેશમેં ભેદ ન કોઇ.
માન કહા અપમાન કહા મન, એસો વિચાર નહિ તસ હોઇ;
રાગ નહી અરૂ રોસ નહિ ચિત્ત ધન્ય અહે જગમેં જન સોઇ. ૧
જ્ઞાની કહો જ્યું અજ્ઞાની કહો કોઇ, ધ્યાની કહો મન માની જ્યું કોઇ,
જોગી કહો ભાવે ભોગી કહો કોઇ, જાકું જીસ્યો મન ભાવત હોઇ.
દોષી કહો નિરદોષી કહો પિંડ, પોષી કહો કો ઓગુન જોઇ;
રાગ નહીં અરૂ રોસ નહિ જાકું, ધન્ય અહેજગમેં જન સોઇ. ૨
સાધુ સુસંત મહંત કહો કોઇ, ભાવે કહો નિગરંથ પિયારે;

ચોર કહો ચાહે ઢોર કહો કોઇ, સેવ કરો કોઉ જાન દુલ્હારે.
વિનય કરો કોઉ ઉંચે બેઠાવજ્યું, દુરથી દેખ કહો કોઉ જારે;
ધાર સદા સમભાવ ચિદાનંદ, લોક કહાવત સુનત નારે. 3

આવી રીતે આખા જૈન શાસનમાં સમતાની પ્રરૂપણા કરી છે અને ઉપાધ્યાયજીએજ એક પ્રસગે કહ્યું છે કે "ઉપશમ સાર છે પ્રવચને" આખા જૈન શાસ્ત્રનો સાર સમતા-ઉપશમ એજ છે. આથી વધારે ભાર મૂકીને વચન કહેવાની કોઇ જરૂર નથી. અપૂર્ણ.

---

પરમાત્મને નમઃ

# सर्वमान्य कल्याणमार्ग.

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं
कालेशक्त्याप्रदानं युवतिजनकथा मूकभावः परेषाम्
तृष्णाश्रोतोविभंगो गुरुषु च विनयः सर्वभूतानुकंपा
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पंथः

આ જગતમાં પ્રાણીમાત્ર સુખ મેળવવાની જિજ્ઞાસા રાખે છે; પરંતુ ઉત્તમ સુખ કોને કહેવું અને શું પ્રાપ્ત થાય ત્યારે ખરૂં સુખ મળ્યું કહેવાય એ વિષે સત્યજ્ઞાન વિના સમજ પડતી નથી. બાહ્યદૃષ્ટિએ માણસને જે અનુકૂળ અને પ્રિય લાગણીઓ હોય તેને અનુસરતું પ્રાપ્ત થાય ત્યારે સુખ મળ્યું-સુખ પ્રાપ્ત થયું ગણાય છે.

આ સંસારમાં એવા સુખ ઘણાં પ્રકારનાં મનાય છે. બહોળાં કુટુંબથી, પુત્રાદિ સંતતિથી, ઘણા દ્રવ્ય સંચયથી, ગાડી ઘોડા અને બાગબગીચાના વૈભવથી, નીરોગી અને પુષ્ટ શરીરથી, ઇંદ્રિયોના નાના પ્રકારના ભોગથી, સારા અધિકારથી, નાત જાતમાં કે જનસમુદાયમાં મ્હોટાઇ મળવાથી, વિવિધ પ્રકારના ખાનપાનથી-એવાં ઘણાં વ્યવહારિક રીતે સુખના સાધનરૂપ મનાતા પદાર્થોથી માણસ સુખી ગણાય છે અન્યની નજરમાં એમ લાગે છે તે સાથે તેવું પ્રાપ્ત થનાર માણસ પોતે પણ એવી અનુકુળ લાગણીઓને અનુસરતાં કારણો મળતાં પોતાને સુખી માને છે, એવાં સુખ

મેળવવાની નિરંતર લાલસા રાખે છે અને તે મેળવવા પોતાથી બનતા પ્રયત્નો કરે છે. લોકદૃષ્ટિથી-વ્યવહારિક દૃષ્ટિથી જનસમુહનો મ્હોટો ભાગ આમ માને છે, પણ જ્ઞાનદૃષ્ટિથી અવલોકન કરતાં સુખ અને સુખીનો એ સિદ્ધાંત ખોટો જણાય છે. કારણ કે સુખના તે તે કારણોની અનુકૂળતાને બદલે પ્રતિકૂળતા થાય છે ત્યારે તેજ સાધનો દુઃખરૂપ અને કડવાં લાગે છે. બહોળા કુટુંબવાળાને તેમાંથી કોઇનો અભાવ થાય છે અથવા તેઓ માંદા થઇ પડે છે ત્યારે, પુત્ર પુત્રીઓ અવિનીત અથવા દોષીત થાય છે ત્યારે, દ્રવ્યનો વિનાશ થાય છે ત્યારે, વૈભવ ભોગવવામાં ખામી આવી પડે છે ત્યારે, શરીર વૃદ્ધ અથવા રોગી થાય છે ત્યારે, અધિકાર અને મ્હોટાઇની ક્ષતિ થાય છે ત્યારે, ખાનપાનાદિ કનિષ્ટ મળે છે અથવા મેળવવામાં મુશ્કેલી આવી પડે છે ત્યારે, અને ઇંદ્રિયો શિથિલ થાય છે કે તેના ભોગ ભોગવતાં બીજાં કષ્ટોનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે એ માની લીધેલાં સર્વ સુખો કારણની પ્રતિકૂળતાને લીધે દુઃખરૂપ ભાસે છે. જગતમાં આવા બનાવો પ્રત્યક્ષ જોવામાં આવ્યા કરે છે છતાં આ જીવ અનાદિકાળની કર્મસંગતિને લીધે તથા તેને પ્રાપ્ત યોગ થયેલી અજ્ઞાનતાને લીધે એવાં સુખો વાસ્તવિક સુખ નથી એવું જણાયા છતાં પણ તે ઉપર તેનું લક્ષ્ય રહેતું નથી અને તેને ને તેને સુખ માની તે મેળવવા ફાંફા માર્યા કરે છે; કદાચ કોઇ વખત પ્રસંગને લઇને તેવો ભાવ મનમાં આવે છે તો પણ મોહવશાત્ બીજીજ પળે તે ભાવ ખસી જઇ તેની તે પ્રવૃત્તિના પ્રવાહમાં માણુસ તણાયા કરેછે. એટલુંજ નહિં પણ જે દેહને યોગે એ સર્વ સુખદુઃખના સાધનો કલ્પાય છે, તે દેહજ શાશ્વત નથી તો તેને યોગે થતાં સુખ દુઃખ શાશ્વત કઇ રીતે માની શકાય ? નજ માની શકાય. કારણ કે તે સુખ અથવા દુઃખ એ ફક્ત પોતાના મનની કલ્પના છે પણ વાસ્તવતાએ કાંઇજ નથી.

ઉપરની હકીકતથી એટલુંતો જણાયું કે જે સુખ ક્ષણિક તે સુખ નહિ પણ સુખાભાસ છે. અને એવા દૈહિક સુખને માટે જે ફાંફા માર્યા કરવા તેનેજ જ્ઞાનીઓ મોહ કહે છે. જેમ કોઇ માણુસના ચક્ષુ ઉપર પડલ આવ્યા હોય અને તેથી જેમ તે મુંઝાઇ જાય છે અને તેને ખરો રસ્તો સુઝતો નથી તેમ જ્ઞાનચક્ષુ ઉપર મોહરૂપી અજ્ઞાનતાના પડલ આવવાથી પ્રાણીને ખરો માર્ગ સુઝતો નથી અને ખરા સુખની ઓળખાણ પડતી નથી; પરંતુ જેને ખરા સુખની અભિલાષા હોય તેણે તો ઉદ્યમથી તે અજ્ઞાનપડલને દૂર કરી ખરા સુખને જાણવું, તેને શોધવું અને તે મેળવવા ઉદ્યમ કરવો.

જ્ઞાની પુરૂષો આત્મિક સુખનેજ શાશ્વત કહે છે, તેને ઉત્તમ કહે છે તેનેજ મેળવવા યોગ્ય કહે છે; એટલુંજ નહિં પણ તેઓનો સર્વ સ્થળે, સર્વ કાળે એજ ઉપદેશ છે કે પ્રાણીએ એવાં શાશ્વત સુખને પ્રાપ્ત કરવા માટેજ પોતાથી બને તેટલો ઉદ્યમ કર્યા કરવો. માણસનું જીવન દૈહિક સુખોમાં મુંઝાઇ નિરંતર તેમાંજ ફાંફા મારી સંસારમાં રઝળવા માટે નથી, પણ તે જીવનથી ખરા સુખને ઓળખી તેને પ્રાપ્ત કરવા રૂપ પુરૂષાર્થ કરવાનો છે. એ શાશ્વત સુખ તેજ મોક્ષ અને તેજ પરમાત્મદશા; આત્મા જ્યારે સર્વ કર્મજાળથી મુક્ત થઇ પોતાના આત્મ સ્વરૂપને પ્રાપ્ત કરે ત્યારે તેનો મોક્ષ થયો કહેવાય અને ત્યારે તે પરમાત્મદશાને પ્રાપ્ત થાય. એ સ્થિતિમાં દુઃખનો લવ પણ નથી, એ સ્થિતિ સંપૂર્ણ સુખરૂપ છે, એ સ્થિતિનો અનંતકાળે પણ ફેરફાર થતો નથી, થયો નથી અને થવાનો પણ નથી. અને એ સ્થિતિમાંજ આત્મા પોતાના જ્ઞાન દર્શન ચારિત્રરૂપ મૂળગુણને સંપૂર્ણાંશે પ્રાપ્ત કરે છે. તેથીજ તે સ્થિતિને શાશ્વત અને ખરા સુખરૂપ કહેલી છે.

એ શાશ્વતસુખ જેને પ્રાણીએ મોક્ષ કહે છે તે મેળવવા માટે જે કાર્યો કરવાં તેનું નામ ધર્મ અને જે માર્ગે પ્રવર્તવું તેનું નામ કલ્યાણમાર્ગ. મોક્ષપ્રાપ્તિને બાધાકારી હોય એવી કોઇપણ ક્રિયા ધર્મરૂપ હોઇ શકે નહિ અને એવું કોઇપણ વર્તન કરવાથી કલ્યાણમાર્ગે પ્રવર્ત્યા છીએ એમ કહી શકાય નહિ. માટે જેને આત્મસુખ-ઉત્તમસુખ-મોક્ષસુખ મેળવવાની અભિલાષા હોય તેણે ધર્મક્રિયામાં રચ્યાપચ્યા રહેવું, અને તેનેજ પોતાના કર્ત્તવ્યના બિંદુ સમાન ગણવું. કોઇ કહેશે કે ધર્મ દરેક પંથ અને સંપ્રદાયોનો જૂદો જૂદો હોય છે તેથી તેવો વિચાર કરતાં ગુંચવણમાં પડાય છે અને તેનો નીકાલ થઇ શકતો નથી; તેથી આપણે નીતિનિયમો પાળીને સર્વ પ્રવૃત્તિ કરીએ તો ધર્મની તકરારમાં પડવાની જરૂર નથી. એ વિચાર વાસ્તવિક નથી. કારણ કે નીતિથી પર એવું ધર્મનું કાંઇ ઉચ્ચ રહસ્ય છે અને તે રહસ્ય સમજ્યાથી અને તે પ્રમાણે વર્તન કરવાથીજ મોક્ષ મેળવી શકાય છે. સંપ્રદાય અને મતોને લઇ ધર્મના જૂદા જૂદા માર્ગ થઇ ગયા છે તેમાંથી શુદ્ધ માર્ગને ખોળી કાઢવા માટે સમ્યક્ જ્ઞાનની જરૂર છે અને તે પ્રાપ્ત કરી શુદ્ધ ધર્મને જાણવો. પરંતુ ધર્મને માટે તકરારમાં, આગ્રહમાં કે માથાકૂટમાં પડવાનું કાંઇ કામ નથી. તેમ કરવાથી તો સાચો માર્ગ જાણી શકાતોજ નથી અને ઉલટાં અધર્મને રસ્તે ઉતરાય છે. નિર્મળ દૃષ્ટિથી,

સમ્યક્ જ્ઞાનની પ્રાપ્તિથી શુદ્ધ ધર્મ-શુદ્ધ માર્ગ સ્વયમેવ દેખાઇ આવે છે. શ્રીમાન્ હરિભદ્રસૂરિજીએ કહ્યું છે કે;—

**न मे भ्राता महावीरो, न द्वेषो कपिलादिषु,**

**युक्तिमत् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।**

'શ્રી મહાવીર અમારા ભાઇ નથી (જેથી અમારે તેના પ્રત્યે રાગ કરવાનું કાંઇ કારણ હોય) તેમ કપિલાદિ પ્રત્યે અમને કાંઇ દ્વેષ નથી પરંતુ જેનું યુક્તિવાળું ન્યાયયુક્ત કથન હોય તેનો આદર કરવો.' ધર્મને જાણવા માટે આ શ્લોકમાં ઉંચા પ્રકારનો ઉપદેશ આપ્યો છે અને ઉંચા પ્રકારના વર્તનનું રહસ્ય સમજાવ્યું છે. તેઓ કહે છે કે ધર્મના પ્રવર્તક કે ધર્મના ગુરૂ પ્રત્યે રાગદ્વેષ ન કરતાં જે ધર્મના પ્રવર્તક શુદ્ધ હોય, ગુરૂ શુદ્ધ હોય અને જે ધર્મના કથનમાં પરસ્પર વિરોધ આવે તેવું અથવા નીતિનિયમથી ઉલટું ન હોય તેનો સમ્યક્ પ્રકારે આદર કરવો, અને અન્યધર્મ પ્રત્યે દ્વેષ ન કરતાં તેની ઉપેક્ષા કરવી.

બીજી રીતે કેટલાએકો એમ માને છે કે પોતે માનેલા દેવના દર્શન વિગેરે કરવા, પોતાની માન્યતાના ગુરૂપ્રત્યે ભક્તિ કરવી અને પોતે જેને ધર્મ માનેલો હોય તે ધર્મની ક્રિયાઓ કરવી; તે શિવાય નીતિનિયમો ઉપર લક્ષ્ય આપવાની કાંઇ જરૂર નથી. આવા વિચારવાળા પણ ઘણાં જોવામાં આવે છે. તેઓ પોતે ધાર્મિક ક્રિયા કરનારા હોવાનો દાવો ધરાવે છે અને વ્યવહારમાં બીજાનું અહિત કરવામાં, બીજા પ્રાણીને પીડા થાય તેમ વર્તવામાં, દુકાને બેસી જુઠું બોલવામાં, ખોટું માપ કરવામાં કે ખોટા તોલ કરવામાં, જુઠી શાક્ષી આપવામાં-વિગેરે અન્ય આચરણ કરવામાં આંચકો ખાતાં નથી. એ વિચાર-એ રીત પણ સમીચીન નથી. નીતિ એ ધર્મનું પહેલું પગથીયું છે. તેના શિવાય કોઇ પણ રીતે ઉંચી હદે પહોંચી શકાયજ નહિ; ધર્મના રહસ્યને જાણનારનું અને શુદ્ધ ધર્મક્રિયા કરનારનું એવું વર્તન હોઇ શકેજ નહિ. માટે એ વિચાર પણ યોગ્ય નથી. સમ્યક્ પ્રકારે મનન કરતાં તો નીતિ અને ધર્મ એ ભિન્નજ નથી. ધર્મ પ્રવર્તન કરવા માટે મુકરર કરેલો જે માર્ગ તેનું નામ નીતિ. માટે નીતિ રહિત એવો કોઇ ધર્મ હોય નહિ અને ધર્મને બાધ આવે એવી કોઇ નીતિ હોય નહિ.

ધર્મની કેટલીક ક્રિયાઓ-કેટલાંક વર્તનો એવાં હોય છે કે જે સર્વમત-સર્વ સંપ્રદાયને સંમત હોય છે. તેવી જે જે ક્રિયાઓ અને તેવાં જે

જે વર્તતો તેનું નામ સામાન્ય ધર્મ ગણાય છે. વિશેષ ધર્મ દરેક મતનો જૂદો હોય છે. સર્વ મતવાળા પોતપોતાના દેવનેજ દેવ, પોતે માનેલા ગુરૂનેજ ગુરૂ અને પોતાના ધર્મની અમુક અમુક ક્રિયાઓનેજ ધર્મરૂપ માને છે. એમાંજ ભેદ પડે છે, પરંતુ મુમુક્ષુજને નિર્મળ દૃષ્ટિથી શુદ્ધદેવ, શુદ્ધગુરૂ અને શુદ્ધ ધર્મની પરીક્ષા કરી તેને ગ્રહણ કરવા ઉપર લક્ષ્ય રાખવું-જે દેવમાં કોઇ પણ જાતનું દૂષણ ન હોય, જે ગુરૂમાં નિઃસ્પૃહતા હોય અને કોઇ પણ પ્રકારનું અન્યાયાચરણ ન હોય અને જે ધર્મની ક્રિયામાં ન્યાય રીતે સ્ખલના ન આવતી હોય તેને શુદ્ધ ગણવા-આ વિષયમાં તે વિષે વધારે વિવેચન કરવાનું નથી, કારણ કે અહીંતો સામાન્ય ધર્મ વિષેજ વિવેચન કરવાનું છે. પરંતુ એટલું તો સિદ્ધ છે કે સામાન્ય ધર્મો જે સર્વ મતવાળાએ માનેલ છે તેને બાધ આવે એવી કાંઇ પણ હકીકત વિશેષ ધર્મમાં હોય તો તે ધર્મને ધર્મ તરીકે માન્ય કરતાં મુમુક્ષુજને અચકાવું જોઇએ.

આ વિષયને મથાળે જે શ્લોક મુક્યો છે તે સામાન્ય ધર્મ વિષયે છે. તેની અંદર જે જે ક્રિયાઓ બતાવી છે તે આ જગતનો વ્યવહાર અસ્ખલિતપણે ચાલવા માટે પણ જરૂરની છે, તે તે ક્રિયાને સર્વ મતવાળાએ કલ્યાણ માર્ગના પગથીઆ રૂપ ગણેલી છે અને તે ક્રિયાઓ શુદ્ધ રીતે ઉચ્ચભાવે પાળતાં કલ્યાણ પ્રાપ્ત કરી પણ શકાય છે. એ શ્લોકનો ભાવાર્થ એવો છે કે-" કોઇ પણ પ્રાણીનો ઘાત કરવાથી નિવૃત્ત થવું, પરદ્રવ્ય લેવાથી ચિત્તને રોકવું, સત્ય બોલવું, સમયે યથાશક્તિ દાન આપવું, પરસ્ત્રીની કથામાં પણ મુંગા રહેવું, તૃષ્ણાના પ્રવાહને વધવા ન દેવો," ગુરૂજનો પ્રત્યે વિનય કરવો અને પ્રાણીઓ ઉપર દયા રાખવી એ પ્રમાણે સર્વ શાસ્ત્રોમાં ન નિષેધ કરાયેલો અને સર્વ લોકને સાધારણ રીતે માન્ય એવો આ કલ્યાણ માર્ગ છે."

જે આઠ ક્રિયાઓ-ગુણો ઉકત શ્લોકમાં બતાવ્યા છે તે સર્વોત્તમ, સર્વ માન્ય અને સર્વશાસ્ત્ર સંમત છે. જે માણસ પોતાના વર્તનમાં એ સદ્દગુણોને જાળવી રાખે છે અથવા એ સદ્દગુણમયજ સર્વ વર્તન કરે છે તે જનસમુહને પ્રિય થાય છે, લોકમાં કીર્તિ મેળવે છે, આ ભવમાં સુખી થાય છે, પુણ્યની પ્રાપ્તિ કરે છે, પાપથી વિમુખ રહે છે અને મોક્ષસુખ-શાશ્વતસુખ પ્રાપ્ત કરવાને લાયક થાય છે એમાંનો એક પણ ગુણ મનુષ્યમાં સર્વાંશે હોય તો મનુષ્યભવનું સાર્થક કરી પરભવમાં સદ્દગતિ પામે છે.

અથવા યાવત્ પરમાત્મદશા પ્રાપ્ત કરે છે, તો જેનામાં સર્વગુણો સંપૂર્ણ હોય તેને માટે શું કહેવું !

જે જે ક્રિયાઓ એમાં બતાવી છે તેને સદ્ગુણરૂપ માનવી અથવા તેનેજ કલ્યાણ માર્ગના કારણરૂપ જાણવી તેનું શું કારણ ? એમ સવાલ ઉત્પન્ન થશે, તેથી પ્રથમતો ગુણ શું ? એ વિચારીએ. આત્મા જે ક્રિયા કરતાં પોતાના આત્મિકભાવમાં વર્ત્તે તે ગુણ, અને જે ક્રિયા કરતાં પરભાવમાં વર્ત્તે તે દુર્ગુણ, ઉપર જે સદ્ગુણો બતાવ્યા છે તે સદ્ગુણે વર્તતાં આત્મા નિર્મળ થાય છે અને આત્મિકભાવમાં વર્ત્તે છે અથવા આત્મિક ભાવની સન્મુખ થાય છે તેથીજ તેને સદ્ગુણો કહેવામાં આવે છે. વ્યવહાર દૃષ્ટિથી તપાસીએ તો તે પ્રમાણે વર્તન કરતાં આપણે કોઇને પણ દુઃખ કારક થઇ પડતા નથી, આપણામાં કેટલોક ત્યાગભાવ આવે છે, રાગદ્વેષની ઓછાશ થાય છે અને લૌકીક કાયદા પ્રમાણે અથવા રાજ્યકર્ત્તાના કાયદા પ્રમાણે આપણે ગુન્હેગાર થતા નથી. માટે એ સદ્ગુણો દરેક માણસે ધારણ કરવા એ અવશ્ય કર્ત્તવ્ય છે. હવે તે ક્રિયાઓ સદ્ગુણ તરીકે સર્વ મતના શાસ્ત્રોએ કેવી રીતે જણાવી છે તે તપાસીએ. એમાં પ્રથમ ગુણ કોઇ પણ પ્રાણીનો ઘાત કરવાથી નિવૃત્ત થવું અથવા અહિંસા ધર્મ પાળવો એ છે.

( અપૂર્ણ )

---

# ચરચાપત્ર.

## કચ્છમાં ચાલતા જનાવરો ઉપરના ઘાતકીપણા બાબત.

(લખનાર એક મુનિ.)

**મુનિરાજ શ્રી હંસવિજયજી** ડુમરા, વરાડીયા, મંજલ, રેહાયા તથા બાપટ પધાર્યા હતા; ત્યાં તેમના પધારવાની ખુશાલીમાં આરંભના કાર્યો બંધ પાડવામાં આવ્યાં હતાં, અને સેંકડો હળ તથા ગાડાં અને પાણીના કોસ વિગેરે ખેંચતા બેલોને તથા મહેનતુ લોકોને વિશ્રામ મળ્યો હતો. પણ દીલગીરી સાથે લખવાનું કે આ દેશના ઓસવાળ ખેડુતો જ-

ખમી તથા લુલા લંગડા અને ગળે પડેલા ચાંદામાંથી લોહીચૂતા બેલોને ખેતી વિગેરેના કામમાં તથા ગાડાં જોડવાના કામમાં હળ પ્રમુખની સાથે જોડી ઘાતકીપણું કરે છે તે અમારાથી જોઇ શકાતું નથી, એટલુંજ નહિ પણ મુંબઇ વિગેરે દેશાવરથી આવતા આપણા સુધરેલા કચ્છી ભાઇઓ માંડવી બંદરે સ્ટીમરમાંથી ઉતરી તેવા જખમી બેલોવાળી ગાડીઓમાં બીરાજી પોતપોતાના ગામોમાં સધાવે છે, એ ઘણું અઘટિત થાય છે. માટે સર્વ છાપાવાળાઓએ અને વિશેષ કરીને જૈનપેપરોએ આ બાબતમાં પોકાર ઉઠાવી મુંબઇમાં વસતા કચ્છી શેઠીઆઓને અરજ ગુજારવી જોઇએ કે જે શેઠીઆઓ જીવદયાના કામમાં હજારો રૂપીઆ પાણીની પેઠે વાપરે તેમનાજ બાંધવો તેવા બેલો જોડી ગાડાં હાંકવાનો અને પાણીના કોસ ખેંચવાનો તથા હળ ચલાવવાનો ધંધો કરે તે ઘણું શરમ ભરેલું છે. વાસ્તે તેનો ત્યાંતથી અગર સંઘ મળી સત્વર બંદોબસ્ત કરવો જોઇએ. આ બાબતને સારી રીતે પોતાની બુદ્ધિથી ચર્ચાવવાની જરૂર છે. અપરંચ આ દેશનું આવું સાર્વજનીક ઘાતકીપણું નિવારણ કરવા પ્રાણી વ્યથા નિવારક મંડલીએ કચ્છના રાજા મહારાવને અર્જ ગુજારવી જોઇએ. રાજ્યસત્તા વિના આવા ત્રાસદાયક બનાવ બંધ પડી શકતા નથી; અને બિચારાં અનાથ મુગાં પ્રાણી સુખી થતાં નથી. વાસ્તે તે ઉંટ, ઘોડા અને બેલ વિગેરેના દુઃખ તરફ દૃષ્ટિ દેવા દયાળુ મંડળીની અમે ફરજ જોઇએ છીએ. વળી આ દેશમાં કેટલાએક મેળા ભરાય છે ત્યાં અને લગ્નની જાનોમાં જતા લોકો તો બેલો ઉપર એટલોબધો ત્રાસ વર્તાવે છે કે સાક્ષાત્ યમરાજાજ જાણે તે બેલો પાછળ લાગ્યા ન હોય! તેવો જુલમ ગુજારે છે. ગાડી હાંકનારાઓ બેલોનાં પુંછડાં આમળી નાખે છે, લાતો લાકડીઓ મારે છે; એટલેથી સંતોષ ન થતાં કેટલાએક મહા નિર્દય ગાડીવાનો બેલના પુંછડાંને દાંતથી પણ દબાવે છે. આજુબાજુ રહેલા સવારો પરોણા ઘોંચે છે, અને શોખીન લોકો છત્રીઓ ઉઘાડી હાંકોટા પાડીને બેલોને ભયભ્રાંત કરે છે. એવી રીતે મુંગા પ્રાણીઓ ઉપર જુલમ ગુજરે છે. આ બાબતમાં કચ્છના દિવાનસાહેબ અણગમો બતાવે છે, પણ પોલીસ વગેરેનો પૂરતો બંદોબસ્ત ન હોવાથી તથા તેમની બેદરકારી વિગેરે કારણોથી આવા બનાવ બન્યા વિના રહેતા નથી. એટલુંજ નહિ પણ આપણા જૈન ભાઇઓ ભદ્રેશ્વરજીના મેળામાં વર્ષોવર્ષ જાય છે, ત્યારે બેલોને મારી મારી દોડાવીને ત્રાસ વર્તાવે છે, આવી રીતે

લાભ લેવા જતાં ઉલટો તોટો થઇ પડે છે; એટલુંજ નહિ પણ જાનમાલની ખરાબી થાય છે. વાસ્તે પવિત્ર તીર્થની યાત્રાએ જતાં બેલોને કોઇએ હેડાવવા નહિ એવો કચ્છી ભાઇઓએ ઠરાવ કરવાની ખાસ જરૂર છે. કારણ કે ફાગણમાસમાં શ્રી ભદ્રેશ્વરજીનો મેળો નિકટ આવે છે. તે મેળામાં હજારો શ્રાવકો જનાર છે, વાસ્તે પ્રથમથી એ બાબત અવશ્ય બંદોબસ્ત થવો જોઇએ. એવી અમારો તરફથી ખાસ સૂચના છે. એજ.

આ ચરચાપત્ર ઉપર લાગતાવળગતાઓએ ખાસ ધ્યાન આપવાની આવશ્યકતા છે. તંત્રી.

# दयाळु जैनबंधुओ प्रत्ये विज्ञाप्ति.

**શ્રી જામનગર** તાબાના ડબાસંગ વિગેરે ૬૩ ગામોમાં આ સાલ ભયંકર દુષ્કાળ છે. તે ગામોમાં શ્વેતાંબર જૈન ભાઇઓના લગભગ ૧૬૬૨ ઘર છે અને તેમાં ૧૦૮૭૩ માણસોની વસ્તી છે. તેમાંથી ૨૫૭૬ માણસોને મદદ આપવાની ખાસ જરૂર છે એવી ખાસ માણસો મોકલીને ગણત્રી કાઢવામાં આવી છે. આ ગામોમાં અનાજ અને પાણી બંનેના પૂરેપૂરાં ફાંફા છે. આ બાબતમાં જામનગરના સંઘની અરજ ઉપરથી પરમ દયાળુ **શેઠ. લાલભાઇ દલપતભાઇ, મનસુખભાઇ ભગુભાઇ** તથા પરગજુ **શેઠ. વેણીચંદ સુરચંદ**ની સહાયતાથી એક ફંડ ઉભું કરવામાં આવ્યું છે. જેની વિગત **જૈન** પત્રદ્વારા બહાર પાડવામાં આવેલી છે. તા. ૧૭-૧૨-૦૫ ના જૈન પત્રમાં સદરહુ ફંડનો રીપોર્ટ છપાવવામાં આવ્યો છે તે વાંચવાથી આ હકીકત ઉપર પુરતું અજવાળું પડી શકે તેમ છે. આ ફંડની વ્યવસ્થા કરવા માટે શ્રી જામનગરમાં એક કમીટી નીમાયેલી છે અને તેમાં **વકીલ ચતુર્ભુજ ગોવિંદજી** વિગેરે પ્રશંસાપાત્ર પ્રયાસ લે છે. આ સંબંધમાં અમારા તરફથી દયાળુ દિલના દરેક જૈન બંધુઓ પ્રત્યે ખાસ વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે આવી રીતે દુઃખી થતા આપણા બંધુઓને મદદ કરવા માટે કોઇએ પણ પોતાનો હાથ લાંબો કરવો યોગ્ય છે. આજ સુધી થોડી મદદથી પણ નિર્વાહ થયો છે પરંતુ હવે દિવસાનુદિવસ વધારે વધારે મદદ મળવાની આવશ્યકતા છે, કેમકે જેમ જેમ વધારે દિવસો લંબાતા જાય છે તેમ તેમ વધારે તંગી પડતી જાય એ સ્વભાવિક છે. આ-

ની અડીને વખતે મદદ કરવાથી મહા લાભ થાય છે. મળેલા દ્રવ્યનો જો આવા કાર્યમાં ઉપયોગ કરવામાં ન આવે તો તે કામનું પણ શું છે? અંતે દ્રવ્યને છોડીને જવાનું છે, સાથે લઇ જવાય તેમ નથી તો તેનો યથાશક્તિ સદુપયોગ કરવો તેજ કલ્યાણકારી છે. સુજ્ઞજનો પ્રત્યે વધારે લખવાની આવશ્યકતા હોતી નથી.

---

# કચ્છ વર્તમાન.

( લખનાર એક મુનિ. )

મુનિરાજ શ્રી હંસવિજયજી મહારાજના વિહારથી કચ્છ દેશમા અનેક પ્રકારનાં ધર્મ કાર્યો થવા લાગ્યાં છે. ઘણો ઉપગાર થયો છે. માગશર વદ ૧૩ થી મંજલરેલડીયા ગામમાં અઠ્ઠાઇ મહોચ્છવ શરૂ થયો છે. તબલચી બાયટથી અને સતાર સારંગી વગાડનારને હાલાપુરથી બોલાવવામાં આવેલ છે. આંગી રચનાર માંડવીથી આવેલ છે. પૂજાઓ વિવિધ પ્રકારની ભણાવાય છે. ગામના તથા આસપાસના ગામડાના લોકો લાભ લે છે. આઠ દિવસની પાખી પળાવી ઘણા જીવોને વિશ્રામ અપાવવા સાથે મોટા આરંભનાં કાર્યો બંધ કરાવવામાં આવ્યાં છે. વરઘોડામાં પ્રભુ પધરાવવા માટે સાયરાથી રૂપાની પાલખી મંગાવી છે. પોસ શુદ ૩ જે વરઘોડો ચડાવવામાં આવતાં ગામના પ્રમાણમાં દેવ દ્રવ્યની ઉત્પત્તિ સારી થઇ છે. આસપાસના ગામોવાળાએ પણ ઘી બોલવા ભાગ લીધો છે. બે બાઇએ એ અઠ્ઠાઈ કરી છે.

આ પ્રસંગે જામનગર તાબાના ગામોમાં દુષ્કાળથી પીડિત સ્વામી ભાઇઓને પણ ભૂલી જવામાં આવ્યા નથી. ઉપદેશાનુસાર તેમને માટે પણ ટીપ થઇ છે. સુમારે અઢીસો રૂપીઆ અહીંથી મોકલાવાનો સંભવ છે. ગામના પ્રમાણમાં રકમ સારી થઇ છે, બીજા ગામોવાળાએ પણ આનું અનુકરણ કરવા યોગ્ય છે. ખરૂં સ્વામીવચ્છળ આનુંજ નામ છે. જો કે બીજું સ્વામીવચ્છળ થનાર છે પણ દુઃખી સ્થિતિમાં આવી પડેલા સ્વામી ભાઇઓને મદદ કરવી એજ ખરેખરા પુન્યબંધનું કારણ છે.

**માંડવી** શહેરમાં છોકરાને છોડીઓને ભણાવવા માટે બે જૈનશાળાઓ ખોલવામાં આવી છે. તેમાં બે પંડિત તથા એક કેળવણી પામેલી ભોજક સ્ત્રી શિક્ષકની યોજના કરવામાં આવી છે. ફંડમાં ૪૮૦૦૦) કોરીનો સુમાર થયો છે.

કચ્છના રાવ પ્રીન્સ ઓફ વેલ્સની મુલાકાતે મુંબઇ ગયા ત્યારે **શેઠ. વિસનજી ત્રીકમજીના** બંગલામાં ઉતારો કર્યો હતો અને ઉક્ત શેઠે તેમની સારી સેવા બજાવી હતી તે અરસામાં કચ્છના બેસોની હકીકત મહારાજાના કાનપર નાખવામાં આવી હોત તો અવશ્ય તેઓ આ બાબતનો લાભ મેળવી શકત પણ હવે **'ગઇ સો ગઇ અબ રાખ રહીકું'** એ કહેવત મુજબ હજુ પણ એ શેઠ અર્જ ગુજારે તો વકી રાખવામાં આવે છે કે તેઓ ભવિષ્યમાં આ લાભ મેળવવા ભાગ્યશાળી નિવડશે. કચ્છી લોક ઉદાર દિલના હોય છે, એ બામત અજાણી નથી. પરંતુ તેઓ કેળવણીમાં ઘણા પછાત પડેલા છે, તેથી તેઓ એક સાયેજ મુંબઇ જેવા શહેરમાં ઉજમણાં કરે છે. તે મહોત્સવ માટે આપણા ઉપકારી પૂર્વાચાર્યોએ બતાવેલા મુહૂર્ત જોવાની પણ દરકાર રાખતા નથી. દીકરા દીકરીના લગ્ન સાથે લગ્નની માફક તેઓ ચૈત્ર આસોની અઠ્ઠાઇમાંજ ઉજમણાં કરી લે છે. શાસ્ત્રાનુસાર ઉજમણામાં હસ્તલિખીત પુસ્તકો પધરાવવા જોઇએ તેને બદલે ચોપડીઓ મૂકી કામ ચલાવી લે છે. એટલુંજ નહિ પણ તેઓ રૂપાની ચોવીશીઓ તથા પંચતિર્થી મૂર્તિઓ અને રૂપાના સિદ્ધચક્રજી ભરાવી ઉજમણામાં પધરાવે છે. તેની અંજનસિલાકા કે પ્રતિષ્ઠા કરાવ્યા વિના ફક્ત આ દેશમાં પોતાના ગામના દેહરે મોકલી સ્નાત્ર કે પૂજા ભણાવી બિરાજમાન કરી દે છે. તેઓ મહાશયોએ યાદ રાખવું જોઇએ કે **આબુરાજ** ઉપર દેવળો બંધાવનાર **વિમળશાહુશેઠ** અને **વસ્તુપાળ તેજપાળ** વિગેરે એવા અનર્ગલ ધનાઢ્ય હતા કે તેઓ દિલપર ધારતે તો રૂપાનું દેવળ બંધાવી સોનાની મૂર્તિયો પધરાવી શકત, પરંતુ તેમણે દિર્ઘદ્રષ્ટિથી પડતો કાળ જાણી તેમ ન કરવું દુરસ્ત ધારી આરસનાં દેવળ અને મૂર્ત્તિયો કરાવવામાં અગણિત દ્રવ્ય વાપરી લાભ મેળવ્યો છે. તેમનાજ પગલે ચાલવા અમારા કચ્છીભાઇયોને ખાસ સૂચના આપવામાં આવે છે. કારણ કે કચ્છના ગામેગામના દહેરામાં પ્રાયેકરીને રૂપાની મૂર્ત્તિયો તથા સેંકડો રૂપાના સિદ્ધચક્રજી એકઠા થયા છે ને બીજે ગામ ન આપવાથી આશાતના થાય છે. એટલુંજ નહિ પણ સાંભળવા માણે કેટલાએક બેસમજ દહેરાના કારભારીયો તે

સિદ્ધચક્રજીનો રૂપાની આંગીયો તથા કમાડમાં ઉપયોગ કરી જુલ્મ ગુજારે છે. આ દેશના ગામડાં એવાં છે કે તેમાંથી નાસી પસાર થવાના અનેક રસ્તા હોય છે, અને પહેરાનો પુરતો બંદોબસ્ત ન હોવાથી અનેક વખત દહેરામાંથી ચોરીયો થાય છે. તેનો તાજો દાખલો હાલજ **સાંધાણ**માં બન્યો હતો અને **તેરા**માં ચોરો પકડાયા હતા, પણ સિદ્ધચક્રજી વિગેરે ખંડિત કરી નાખ્યા હતા. **વરાડીયા**માં પણ ચોરી થઈ ત્યારે તેવીજ આશાતના થઈ હતી. વાસ્તે કચ્છી ભાઇઓએ તેવી ઉદારતા આરસની મૂર્ત્તિયોમાં તથા જ્યાં ખામી હોય ત્યાં આભુષણો વિગેરે કરાવી આપવામાં કે જીર્ણોદ્ધારમાં દર્શાવવી જોઇએ. વળી ઉજમણું કરનાર ઉપર તેમના ગામોગામવાળા એવી ફરજ પાડે છે કે-ઉજમણાવાળાએ સર્વ સામગ્રીમાંથી એક અથવા બબ્બે વસ્તુઓ પોતાના ગામના દેરાસર માટે મોકલવીજ જોઇએ. જો તેમ કરવામાં ન આવે તો તેની નિંદા કરવામાં આવે છે. તેથી ભોળા લોકો ઉજમણાની વસ્તુનો ખરો લાભ લેવા ભાગ્યશાળી બનતા નથી. પોતાના ગામના દહેરાસરોમાં એટલી તો વસ્તુઓ ભેગી થઇ જાય છે કે તેનાં ખોખાં ભરી મૂકવાં પડે છે, અને કાટ ખાઇ જાય છે; ઉંદરો કાપી નાંખે છે, અને છેવટે સડી પણ જાય છે. **સુથરી** વિગેરે મોટા તીર્થના દહેરામાં તો એટલો સામાન એકઠો થયો છે કે તે જો માળવા અને મેવાડ વિગેરેના દેવલોમાં પહોંચાડવામાં આવે તો અર્પણ કરનારનો ઇરાદો સફળ થાય અને તે દહેરાસરોમાં પડતી તાણ નાબુદ થાય. આ તરફના દહેરાસરના હિસાબ પણ વર્ષોતક થતા નથી. **કોઠારા** વિગેરે તીર્થોના હજારો રૂપીયાની પાયમાલી થઇ ગઇ છે; દેવળ તો એટલું મોટું છે કે માનુ ગગનમાં ગાજે છે. હજારો પુતળાંનું કોતરકામ આબુરાજના દેવળોની યાદદાસ્ત આપે છે, પણ અફસોસ એટલો છે કે બરાબર સારસંભાળ થતી નથી; ભોંયરામાં બિરાજેલી પ્રતિમાઓ ઉપર મેલ અત્યંત જામી ગયો છે જથાબંધ પ્રતિમાઓમાંથી જ્યાં જરૂર જણાય ત્યાં આપવામાં આવે તો ઘણું સારૂં કહેવાય, પણ આપવામાં આવતી નથી. ઉપદેશાનુસાર **તેરા**ના દેરાસરમાં ઉંચા પ્રકારનું સોનેરી કામ શરૂ થયું છે. આ લેખ કોઇને ખોટું લગાડવા લખવામાં આવ્યો નથી; પરંતુ સુધારો થવા ખાતર હિતબુદ્ધિથી લખેલ છે.

# ચરચાપત્ર.

## શ્રી જુનાગઢના જૈન તીર્થમાં ચાલતી ગેરવ્યવસ્થા અને કારખાનાની અંધાધુનિ.

લખવાને અત્યંત ખેદ ઉપજે છે કે જુનાગઢ જેવા એક અગ્રેસર પ્રાચીન ગણાતા જૈન તીર્થમાં જે અંધેર તથા ગોટાળો ચાલે છે તેની અમદાવાદ તથા મુંબઈના શેઠીઆ કંઈ પણ દરકાર કરતા નથી.

**હાલમાં થતી ગેરવ્યવસ્થા તથા આશાતના નીચે પ્રમાણે—**

(૧) આપણા પવીત્ર ગીરનારજી ઉપર આવેલા મંદીરોમાં જિનપ્રતિમાઓની પુજા આપણા શાસ્ત્રાનુસાર બીલકુલ થતી નથી, કારણ કે પુજારીઓ તેમજ તે પુજારીઓ ઉપર દેખરેખ રાખનારાઓ તથા શ્રી દેવચંદ લખમીચંદના કારખાનાના ઉપરી શેઠીઆઓ ઘણે ભાગે સ્વાર્થી, ખટપટી, અભણ, અધર્મી, ઢોંગી, તેમજ જશના ખરેખરા ભુખ્યા છે. તપાસ કરતાં એમ જણાય છે કે કેટલીક પ્રતિમાઓ ઉપર માત્ર કેસરને બદલે સુખડનાંજ ટીલાં જોવામાં આવે છે. કેટલીક પ્રતિમાઓ ઉપર અંગ લુહણાં થતાં નથી માત્ર પાણી જેમ તેમ ઢોળાય છે, તેથી તેમના અંગ કેટલાક ભાગો લીલ ફુલવાળા તેમજ હમેશ રહેતી ભીનાશને લીધે કાળા પડી ગયેલા નજરે પડે છે, કેટલાક ભાગ ઉપર વાળાકુંચીઓના ઝીણાં ઝીણાં તણખલા જોવામાં આવે છે.

૨. યાત્રાળુઓ માટે ઉતરવાની, નહાવાની, પુજાના લુગડાં પહેરવાની, ભાતાની તથા બીજી સગવડોની બાબતમાં કારખાનાના નોકરો હમેશાં બેદરકાર રહે છે. ઉતરવાની જગ્યો જ્યાં ત્યાં પડેલા કચરા તથા મળમુત્રથી ઘણીજ ખરાબ સ્થિતિમાં દુર્ગંધથી ભરેલી દેખાય છે, એ તો નિશંસય છે કે યાત્રાળુઓ ઘણે દુરથી આવે તેમજ અજાણ્યા હોય તથા મુસાફરીમાં ચિંતાતુર અવસ્થામાં તેમજ બીજી અનેક જંજાળ તથા મુસીબતમાં હોવાને લીધે તેઓ ઉતરવાની જગ્યાઓ ઉપર સુધારો રાખી શકે નહિ. માટેજ કારખાનાવાળાઓની આ જગ્યાઓમાં સુધારો રાખવાની અવશ્ય ફરજ છે. તો ઓરડીઓ તથા કંપાઉન્ડ સાફસુફ કરાવવા માટે યાત્રાની મોસમમાં ખાસ અનુભવી કરેલ માણસો રાખવાની જરૂર છે. એપરવાઇ ઉદ્ધત

માણસો રાખવાથી તેઓ યાત્રાળુઓની અગવડતામાં ઉલટો વધારો કરનારા થઇ પડે છે.

(૬) યાત્રાળુઓને નહાવાને માટે તેમજ સાધુ સાધ્વી સારૂ ઉના પાણી માટે આ તીર્થમાં ઘણોજ ગેરબંદોબસ્ત છે. ઘણીવાર નહાવાને ટાઢું પાણી પણ મળતું નથી, તો ગરમ તો ક્યાંથીજ મળે! અત્રે મુનિમહારાજાઓ સગવડતાથી રહી શકતા નથી. તેમને ગરમપાણી બીલકુલ મળી શકતું નથી. તોપણ વખતે કોઇની આકરો માણસ કારખાને જઇને કહે તો કોઇવાર જેમતેમ સગવડ મન વગરની કરી આપવામાં આવે છે તે પણ માત્ર એક બે દીવસ ચાલે પછી પાછું પુરૂં અંધારૂં. પ્રથમ જેમ ચાલતું હોય તેમ પાછું ચાલે છે.

(૭) સુરજકુંડ ઉપર યાત્રાળુઓ પાળ ઉપર નહાય છે, તેજ પાણી મેલવાળું પાછું કુંડમાં જતું જોવામાં આવે છે. જો સુરજકુંડ પાસેની પડતર જગોમાં નહાવા માટે પથરાઓ ગોઠવ્યા હોય તો તે પાણી સુરજકુંડમાં નહિ જતાં બગીચાને ફાયદો કરે તેમ છે, પણ અફસોસ! કોના બાપની દીવાળી. હલકી જાતના લોકો ન્હાનવાવનું પાણી મળમુત્રથી તેમજ પોતાના ગંદા તથા અપવિત્ર અંગસ્પર્શથી મલીન કરે છે, તે ઉપર પણ કોઇની દેખરેખ નથી. અને તે બાબત અગર બીજી બાબતો ઉપર કોઇ યાત્રાળુ કારખાને કહેવા જાય તો કોઇ ગણકારતું નથી ને ઉલટા તેને સામા બાઝવા આવે છે. આતો 'ચોર કોટવાળને દંડે' એવી વાત થાય છે. ઉપર ચોકી આગળ તેમજ કોટમાં બીજી જગ્યા આગળ બે ત્રણ સંડાસો કરેલાં છે કે જ્યાં ગંદકીનો પારજ નથી. પૂજા કરવામાં વપરાતાં વસ્ત્રો તેમજ ધાબળીઓ લાંબી મુદતની મેલી તેમજ અત્યંત દુર્ગંધવાળી હોય છે. ધાબળીઓ તથા પૂજાના વસ્ત્રો ધોવરાવવાં જોઇએ તેને બદલે મહીનાઓના મહીના વીતી જાય તોપણ કારખાનાના મનુષ્યોની આંખો બીલકુલ ઉઘડતી નથી. પ્રતિમાજી ઉપર ચક્ષુ ટીલાનું પણ ઠેકાણું નથી. તથા જિનબિંબનું કોઇ અંગ કે ઉપાંગ ખંડિત થયું હોય તો તેની પણ સારસંભાળ લેવાતી નથી. ધુપ તથા દીપની બાબતમાં તેમજ પૂજામાં વપરાતા બીજા દ્રવ્યોની બાબતમાં ઘણુંજ અનિયમિતપણું તથા બેદરકારી જોવામાં આવે છે. ચોખા, બદામો, પૈસા વિગેરે પગતળે કચરાતાં આવે છે તથા વેરાતા પણ આવે છે. ગોઠીનો તો ઘણીજ તંગી છે તે પણ કારખાનાવાળાઓને સુઝતું નથી. હાલ જે નોકરો

તથા ગોઠીઓ છે તેમાં ઘણે ભાગે અભક્ષ્ય પદાર્થોના વાપરનારા તથા અન્ય દર્શનીઓ છે તે પણ તીસ્માર ખાંની માફક રોફ કરતા જ્યાં ત્યાં નજરે પડે છે. કોઇબી યાત્રાળુ કોઇ ગોઠી કે બીજા નોકરની ભુલ બતાવે તો સામા ખાવા ધાય છે ને કોઇ પોતાને માથે દોષ રાખતું નથી; આમાં તો 'જા બીલ્લી કુત્તેકુ માર' એના જેવું થાય છે. કોઇપણ સારા માણસને બીલકુલ ટકવા દેતા નથી, પણ ઉલટું કાંઇપણ ખોટું કલંક ચડાવી રસ્તો પકડાવે છે. આતો 'પુરી એક અંધેરીને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા' એ કહેવત મુજબ શ્રી ગીરનારજીના તીર્થ તથા કારખાનાનો મામલો થઇ પડ્યો છે.

(૫) સાધુ સાધ્વીને જુનાગઢમાં જેટલી વીટંબના પડે છે તેટલી અન્ય સ્થળે ભાગ્યેજ જોવામાં આવતી હશે. આહાર તો જુનાગઢમાં બાર વાગ્યાની તોપ પડયા પછીજ મળે ને તે પણ અનિયમિત તથા કઢંગી રીતે તેમજ શ્રાવકોની શ્રદ્ધા તેમજ ભાવ વગર જેમ તેમ મળે. સાધુ તેના બારણા આગળ જઇ બે ત્રણ વખત ધર્મલાભ આપે તોપણ તેના સામું નજર ન કરતાં બારણા વાસી મુગે મોઢે ખાધા કરે પણ બીલકુલ જવાબ આપે નહિ કે આપ પધારો. કોઇપણ શ્રાવકને ઘેર પાણીનો જોગ બીલકુલ મળતો નથી. માત્ર એકાદ ઘરે જોગ બને તો તે જવલેજ બને, માટે કારખાનાવાળાઓએ આવા તીર્થમુંડીઆ ગામમાં સાધુ સાધ્વી માટે દરેક સગવડ અવશ્ય રાખવીજ જોઇએ. કોઇ પણ સાધુ કે સાધ્વીની શરીરની હાલત બગડી હોય તો તેના સામુ કોઇ જોતું નથી, ભલે તે સડી જાય પણ આંખ ઉંચી કરીને કોઈ જુએ નહિ, કારખાને કોઇ સાધુ કે સાધ્વી કોઇ જરૂરનું ઉપકરણ લેવા અગર બીજા કોઇ જરૂરના કામ પ્રસંગે જાય તો આંટા ખાતાં થાકી જાય ત્યાં સુધી પણ કોઇ સંભાળ લે નહિં તો જોઇતી જણુસ તો કયાંથીજ પુરી પાડે! કોઇ વખતે મુનિરાજને પણ બેહદ અપમાન સહન કરવું પડે છે તે એટલે સુધી કે કારખાનાના નોકરો તથા કેટલાક શેઠીઆઓ પણ મુનિરાજને આવીને કહે કે ઉપાસરેથી નીકળી જાઓ. સાધુ માટે તૈયાર કરેલા ચંદરવાવાળા ઉતારાઓ ખાલી પડયા હોય તોપણ સાધુને ઉતરવા આપતા નથી. ઓરડીઓએ તાળાં દઈ રાખી સાધુ તથા શ્રાવક બંનેને કારખાનાવાળા હેરાનગતી પહોંચાડે છે. ઉતારામાં પુરી મુસીબતો નડે છે. ગોદડાં ફાટેલાં ને ગંધાતાં જીવાતવાળાં હોય છે તથા વાસણ એઠાં, ભાગેલાં, તેમજ ઠીકરાં જેવાં કાળાં પડી ગએલાં હોય છે. આવાં ગોદડાં તથા વાસણ વાપરીને યાત્રાળુઓ છો જેવી જમીનપર પડી રહે ને માંદા થાય તેમાં શી નવાઇ ! આ દેશના ઘણાખરા ભાગમાં મનુષ્યો અધમતા ભરેલી સ્થિતને પ્રાપ્ત થાય છે તેનું કારણ ફક્ત એટલુંજ કે અભક્ષ્ય પદાર્થના વાપરવાથી, દેવદ્રવ્યનું ભક્ષણ કરવાથી, કેટલાક કઢંગા રિવાજથી, કન્યાવિક્રય

જેવા દુષ્ટ રિવાજથી, તથા અધર્મી, પાખંડી અને કુમતિવાળાઓના સહવાસમાં રહેવાવડે તેના જેવા બનવાથી પોતાની જાતવાળાને પાયમાલી ભરેલી સ્થિતિમાં લાવી મુકે છે.

(૬) ભંડારખાતામાં જે ગડબડ તથા ગોટાળો ચાલે છે તેમાં બહારગામોના કોઇપણ અગ્રેસર જેવા ગણાતા શેઠીઆઓએ હજી સુધી કંઇપણ લક્ષ આપ્યું નથી એ શું થોડા અફસોસની વાત છે! કેટલું અંધેર! કોઇ પણ વીરપુત્ર શુરવીર થઇ બહાર પડી આ કામ માથે લે તો તેને કેટલું પુન્ય ઉપાર્જન થાય. ફક્ત પંચજ જણ બહાર પડે તો હિંદુસ્તાનમાં જૈન તીર્થાદીકનો બગડતો મામલો કેમ સુધરે નહી? મોટા મોટા શહેરોમાં ગાદીપાત જેવા ગણાતા સાધુમુનિરાજો આવી બાબતમાં લક્ષ કેમ નથી આપતા? તેમજ પાતપોતાના રાગી શ્રાવકોને બોધ કેમ નથી કરતા? આતો 'પોતાનું ઘર ફુટયું ત્યાં બીજા કોની આગળ માથું ફોડવું" એવી વાત થાય છે. ભીંત આગળ પોકાર કરવો કે આકાશ સામો પોકાર કરવો. 'અંધાને આરસી દેખાડવી ને બહેરા આગળ માથુ ફોડવું!' આહા! થોડી દીલગીરી નથી. બાયલાપણું રાખશો તો જૈનશાસનનો ક્યારે ઉદય થશે? પણ ઉલટું ભવિષ્યને વિષે નાશપણાનો સંભવ રહેશે. વીશહજારની ચોરી થએલી છે તેનો હજુ સુધી બીલકુલ પત્તો નથી. ભંડારમાં ગોટાળો તથા ગેરવ્યવસ્થા ચાલુ રહેવાથી સેંકડો રૂપીઆ ખવાઇ ને ચોરાઇ જશે. તોપણ આપણા કુંભકર્ણ ઉંઘમાં પડેલા શેઠીયાઓ જાગશે નહિ. માટે હવે તો સાધારણ સ્થિતિના શ્રાવકોએ પ્રત્યક્ષ જાગીને મોટાઓ આગળ પડે તો ઠીક નહિ તો તેમને પણ દુર મુકી ખરૂં વીરત્વ બતાવી આ ઉપરની તમામ બાબતો ધ્યાનમાં લઇ તેનો સુધારો કરવા બહાર પડવું યોગ્ય છે. તેમજ આ અમૂલ્ય વિષય પાટણમાં ભરાતી ચોથી જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં પણ અવશ્ય ચર્ચાવા યોગ્ય છે.

(૭) જૈની ભાઇઓ! આ ઉપર જણાવેલી બાબતમાં જો યોગ્ય પગલાં નાહ ભરાય તો આ જુનાગઢનું તીર્થ દીવસે દીવસે વધારે પાયમાલીમાં આવતું જશે ને તેનો દોષ તો છેવટે જૈન સંઘને માથેજ પડશે એ ખાત્રીથી સમજવું. માટે ઝટ જાગ્રત થાઓ ને સારા સુજ્ઞાનીઓને લઇને આ તીર્થની રક્ષા કરવા જેમ બને તેમ વેલાસર પધારો, જેથી યાત્રાળુ આદિ દરેક મનુષ્યોને અત્યંત લાભ થાય. તેની સાથે ભંડારમાં પણ પૂરતો બચાવ થાય ને પુરાતન તીર્થની આશાતના થતી અટકે. એજ.

જૈન સંઘનો હિતેચ્છુ
વિરપુત્ર બાલ "મોહન."
જુનાગઢ. બાબુની ધર્મશાળા.

## ( શ્રી ધ્રાંગધરાના સમાચાર. )

ધ્રાંગધરામાં આપણા બે દેરાસર છે. તેનો વહીવટ અને સાર સંભાળ ૪-૫ ગૃહસ્થોની કમીટી કરે છે. તેઓ કામ ઉપર સારૂં લક્ષ આપે છે. તેમાંથી એક ગૃહસ્થની જગ્યા કાળક્રમે ખાલી પડવાથી બાકીના ગૃહસ્થોએ કામકાજની યોગ્ય વ્યવસ્થા કરી છે. પોસ વદ ૫ મે એક જૈન લાઇબ્રેરી નું સ્થાપન કરવામાં આવ્યું છે. તેમાં કેટલીક મદદ મળી છે બાકી દ્રવ્યની અથવા પુસ્તકોની મદદ માટે તેઓની માગણી છે. સહાય કરવા યોગ્ય છે. જૈનશાળાને કન્યાશાળા પણ ત્યાં સારા પાયાપર ચાલે છે. આવા ખાતાઓને મદદ કરવી તે શ્રીમંત તેમજ ઉદાર જૈનબંધુઓનું ખાસ કર્તવ્ય છે.

# पुस्तकोनी पहोंच.

## પ્રાકૃત (માગધી) લઘુ તથા વૃહત્ વ્યાકરણ. ગુજરાતી ભાષાંતર યુકત.

-હૃષિકેશ કૃત લઘુ વ્યાકરણ અને શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય કૃત વૃહત્ વ્યાકરણ (શબ્દનું શાસન અધ્યાય ૮ મો) ગુજરાતી ભાષાંતર સહીત હાલમાં બહાર પાડવામાં આવેલ છે તેની એક નકલ તથા એકલા હેમચંદ્રાચાર્યજી કૃત વ્યાકરણની એક નકલ જેની કિંમત અનુક્રમે રૂ ૧) અને રૂ. ના છે તે પ્રસિદ્ધ કર્તા તરફથી ભેટ દાખલ મળેલ છે તેનો સ્વીકાર કરતાં લખવાની આવશ્યકતા છે કે આવી બુકની ખાસ જરૂર હતી. સીયાંગામ નિવાસી શ્રાવક ધર્મચંદ કેવળચંદે આ બુક પ્રસિદ્ધ કરવામાં અને સદરહુ વ્યાકરણોનું ભાષાંતર કરાવવામાં સારો પ્રયાસ કર્યો છે. બીજી સહાય મળેલી હોવાથી ભાષાંતર કરાવવાના અને છપાવવાના ખર્ચ કરતાં કિંમત ઓછી રાખવામાં આવી છે. જૈન સિદ્ધાંત અને બીજા અનેક ગ્રંથો માગધી ભાષામાં હોવાથી તે સમજવા માટે આવા વ્યાકરણની ખાસ જરૂર હતી તે ખોટ આ બુકવડે પુરી પાડવામાં આવી છે. જૈનબંધુએ ખરીદ કરવા લાયક છે. મંગાવવા ઇચ્છનારને અમારી ઓફીસમાંથી પણ મળી શકશે.

તંત્રી.

# લવાજમની પહોચ.

૨૦—૦ શેઠ સખારામ દુર્લભદાસ
૧—૪ શેઠ તલકચંદ માણેકચંદ
૨—૮ શા ગીરધરલાલ ત્રીકમજી
૧—૪ મહેતા જેઠાભાઇ પીતાંબર
૩-૧૨ શા ભગવાન લવજી
૧—૪ શા ધનજી દેવશી
૫—૨ શા બાલચંદ રતનશી
૧—૪ શા રતનચંદ નાગરદાસ
૨—૮ શા અમરચંદ ભાઇચંદ
૨—૮ શા શરૂપચંદ દોલતચંદ
૧—૪ શા નાનચંદ રવચંદ
૧—૯ મહેતા જસરાજ દેવચંદ
૨—૮ મુનિશ્રી હિતવિજયજી
૨—૦ શા ઉજમસી નાગરદાસ
૧—૪ શા નેમચંદ પાનાચંદ
૧—૪ શા જીવભાઇ હીરાચંદ
૦—૧૪ કોઠારી હરીસિંહજી જૈની
૧—૪ શા ચત્રુભુજ મોતીચંદ
૧—૪ શા વીરચંદ ધરસી
૧—૪ શા વશરામ કાળા
૧—૪ શા હીરાચંદ કલ્યાણજી
૧—૪ શા હકમચંદ લલુભાઇ
૨—૦ શા નગીનદાસ મગનલાલ
૫—૨ શા નેમચંદ મંગળચંદ
૧—૪ શા પ્રેમચંદ કરસનજી
૧—૬ કોઠારી જીવરામ લલુભાઇ
૨—૮ શા જેચંદ બેહેચરદાસ
૨—૮ શા લલુચંદ બલાખીદાસ
૧—૪ દોશી કેવળ ગોતમ
૧—૪ શા ફકીરચંદ મોતીચંદ
૧—૪ શા કેશવલાલ પરભુદાસ
૨—૮ શા સંઘરાજ રામજી
૧—૪ શા ગીરધરલાલ હીરાભાઇ
૧—૪ શા પીતાંબર માણેકચંદ
૦—૪ શા વર્ધમાન દામજી
૨—૮ શા દેવચંદ જેતસી
૫—૦ મહેતા રામજી હંસરાજ
૧—૪ શા નોતમદાસ હીરાચંદ
૧—૪ શા હરખચંદ કપુરચંદ
૧—૪ શા જીવણ ચતુર
૧—૪ શા સવાઇચંદ તારાચંદ
૨—૮ શા ગોકળભાઇ દોલતરામ
૧—૪ શા પુનમચંદ મગનચંદ
૧—૪ શેઠ રામજી માધવજી
૧—૪ શા થોભણ દામજી
૧—૪ મસાલીયા દલસુખચંદ ફતેચંદ
૧—૪ શા પુરૂષોતમ નેણસી
૧-૧૦ મહેતા સોમાચંદ
૨—૮ શા દેવજી જેવંત એન્ડ કંપની
૧—૪ શા તલકચંદ જેઠાભાઇ
૧—૪ ઝવેરી માણેકચંદ પાનાચંદ
૧—૪ શા છોટાલાલ પ્રેમજી
૧—૪ શા રૂપચંદ ઝવેરચંદ
૧—૦ શા પરભુદાસ કરમચંદ
૨—૦ ગાંધી કુબેરદાસ પુરૂષોત્તમ
૧—૦ શા નારણજી ભાણાભાઇ
૧—૦ શા રતનશી પીતાંબર
૧—૪ શા અંબાલાલ પાનાચંદ
૧—૪ શા વીરજી માવજી
૧—૪ શા નેમચંદ મળાપચંદ
૧—૪ શા સામજી ભીમજી
૩-૧૨ શેઠ દીપચંદ માણેકચંદ
૩-૧૨ શા ગોવિંદજી મુળજી
૨—૮ શા જાદવજી વેલજી
૨—૮ શા ઉજમશી તારાચંદ
૧—૪ શા ઉત્તમચંદ ખીમચંદ
૩-૧૨ શા મંગળદાસ છગનલાલ
૨—૮ શા લલુભાઇ નથુભાઇ
૧—૪ શા ચુનીલાલ ગુલાબચંદ
૧—૪ શા ધરમશી ગોવનજી
૧—૪ શા કુંવરજી આણંદજી
૨—૦ વોરા હઠીશંગ ઝવેર
૧—૦ મોદી જમનાદાસ ગોરધન
૧-૧૦ મહેતા કોદરલાલ સાંકળચંદ

૧—૪ શેઠ ફુલચંદ પ્રેમજી
૧—૪ શા ડાહ્યાભાઇ ઘેલાભાઇ
૧—૪ શા કસ્તુરચંદ વીરચંદ
૧—૪ શા દેવજી નથુભાઇ
૧—૪ ઝવેરી મુળચંદ હીરાચંદ
૧—૪ શા દલછારામ નાનચંદ
૧—૪ શા ઉત્તમચંદ રીખવદાસ
૧—૪ શા હીરાચંદ મોતીચંદ
૧—૪ શેઠ નાનાભાઇ તલકચંદ
૧—૪ શા જીવાભાઇ વાડીલાલ
૧—૪ શા દેવકરણ ઝવેરચંદ
૨—૮ ઝવેરી રાયચંદ ખુશાલચંદ
૨—૮ શેઠ મનસુખભાઇ ભગુભાઇ
૧—૪ શા ઇચ્છાચંદ રંગીલદાસ
૧—૪ શા હીરાચંદ વસનજી
૩—૨ શેઠ નગીનદાસ ફુલચંદ
૨—૮ શા કેસવજી માણેકચંદ
૨—૮ શા નાનચંદ ધારસી
૧—૪ શા મગનલાલ તારાચંદ
૧—૪ શા ગોકળદાસ ગુલાબદાસ

૧—૪ શેઠ કલ્યાણ ખુશાલ
૧—૪ શા દેવકરણ ઉજમશી
૧—૪ શા અમૃતલાલ કેવળદાસ
૧—૪ શા જીવણચંદ લલુભાઇ
૧—૪ શા ડાહ્યાભાઇ વાડીલાલ
૧—૪ શા ભીખાભાઇ રતનજી
૨—૮ શા હેમચંદ મોતીચંદ
૨—૮ શા જીવરાજ નરશી
૧-૧૦ શા દલસુખ નાથાભાઇ
૩ ૧૨ શા પાથુ વાગા
૩—૨ શા ફુલચંદ લક્ષ્મીચંદ
૧—૪ શા ભગવાનજી પુરૂષોતમ
૩—૨ શા હરીભાઇ અમીચંદ
૧-૧૪ વૈદ્ય છગનલાલ નથુભાઇ
૬-૧૨ વીરચંદ કરમચંદ યુનીયન રીડીંગ રૂમ
૨—૮ શેઠ નાથાલાલ રંગજીભાઇ
૨—૮ શેઠ ગોકળદાસ મુળચંદ
૧—૦ ઝવેરી જીવણ હેમરાજ
૧—૪ શા બાપુલાલ લાલચંદ

## જૈન પુસ્તક ભંડારના વ્યવસ્થાપકો તથા સંસ્કૃતના અભ્યાસી મુનિરાજ પ્રત્યે વિજ્ઞપ્તિ.

શ્રી ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર મૂળ પર્વ ૧ લું ( શ્રી આદીશ્વર ચરિત્ર) અને પર્વ ૨ જું ( શ્રી અજીતનાથ ચરિત્ર ) બાબુસાહેબ રાય બુધસિંહજી બહાદુર તથા શેઠ વીરચંદભાઇ દીપચંદ સી. આઇ. ઇ. ની દ્રવ્ય સંબંધી સંપૂર્ણ મદદથી બહાર પડી ચુકયું છે. તેઓ સાહેબની ઇચ્છાનુસાર દરેક જૈન પુસ્તક ભંડારને તેમજ સંસ્કૃતના અભ્યાસી દરેક મુનિમહારાજને ભેટ આપવાનું મુકરર કરેલ હોવાથી મંગાવી લેવા વિનંતિ છે. આ ગ્રંથ જૈની સુંદર ટાઇપથી નિર્ણયસાગર પ્રેસમાં છપાવેલ છે. વેચાણ મંગાવનાર માટે લગભગ બેઠી કિંમત એટલે પર્વ ૧ લાનો રૂ.૧) અને પર્વ ૨ જાનો રૂ૦ાા રાખવામાં આવેલ છે.

આ ચોપાનીયું અમદાવાદ એંગ્લો વર્નાકયુલર પ્રિન્ટીંગ પ્રેસમાં નથુભાઇ રતનચંદ મારફતીયાએ છાપ્યું.